ફોજદારી કેસ નં. C-89/93

**ફરિયાદપક્ષે વિ.એપીપી શ્રીની ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૧ મુજબ ફોજદારી કેસ પરત ખેંચવાની આંક ૪ ની અરજી લગત હુકમ**

તારીખ ૯/૩/૨૦૧૯ના રોજની વિ.એપીપી શ્રી જે.એ.યાદવની અરજી વંચાણે લીધી તથા મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનાઓએ તારીખ ૭/૩/૨૦૧૯ના પત્ર નંબર ડીસી/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત /૧/૨૦૧૯થી આવેલ પત્ર વંચાણે લીધો. સદર પત્રથી મહે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદનાઓએ આ કેસ પરત ખેંચવાની એ.પી.પીશ્રીને પરવાનગી આપેલ છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતા નથી અને નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે. વધુમાં આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે. આરોપીને શોધવાના પ્રયાસ કરવો સમય,શકિત અને નાંણાના વ્યય સમાન છે અને અદાલત ગંભીર પ્રકારના ગુનાના કેસમાં પુરતું ધ્યાન આપી ગંભીર પ્રકારના ગુનાના કેસ કાળજીપુર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના વિશાળ હિતમાં વિધ્વાન એપીપી શ્રીની આ કેસ પરત ખેંચવાની સંમતિ આપી આ કેસ વીથ ડ્રો થી ફેંસલ કરવો યોગ્ય તથા ન્યાયી જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૧ અન્વયે વિધ્વાન એપીપીશ્રીને આ કેસ પરત ખેંચવાની પરવાનગી આપી વીથ ડ્રોઅલથી કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને સદર કેસમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧.મુદ્દામાલ દેશી/વિદેશી દારુનો નાશ કરવો.૨. મુદામાલ રોકડ રકમ સરકાર/ જપ્ત કરી અપીલ સમય બાદ સરકાર જમા કરાવવી. ૩.પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન/ મોબાઈલ વચગાળાના સમય માટે પરત સોંપવાનો હુકમ થી પરત સોંપેલ હોય તો કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ હુકમ ન થયેલ હોય તેની માલીકીની ખાતરી તપાસ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. ૪.બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

આજરોજ તારીખ ૯મી માહે માર્ચ સને ૨૦૧૯ના રોજ રાષ્ટ્રીય લોકઅદાલતના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

૯/૩/૧૯

તારીખ ૯/૩/૨૦૧૯
સ્થળ અમદાવાદ

મોહંમદસલીમ હબીબખાન પઠાણ
એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
મેટ્રો કોર્ટ નં.૧ જીજે.૦૦૮૧૧